ભાજપના ત્રણ ઉમેદવારો અને કોંગ્રેસના એક ઉમેદવાર રાજયસભામાં બિનહરીફ

ગાંધીનગર, તા.૧૪

રાજયસભા માટે ભાજપના ત્રણ સભ્યો અને કોંગ્રેસના એક સભ્ય એમ ચારેય સભ્યો બિનહરીફ જાહેર થયા છે.

ગુજરાતની રાજયસભાની ખાલી પડેલી ચાર બેઠકોની જાહેર થયેલી ચૂંટણી માટે ભાજપના ત્રણ ઉમેદવારોએ અને કોંગ્રેસના એક ઉમેદવારે ઉમેદવારી પત્રો ભર્યા હતા. આજે ઉમેદવારી પત્રોની ચકાસણીની પ્રકીયા પૂર્ણ થતાં ભાજપના ત્રણ ઉમેદવારો અને કોંગ્રેસના એક ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય રહેતા અને અન્ય કોઈ ઉમેદવારી પત્ર ન હોઈ આ ચારેય ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે.

રાજયસભા માટે ભાજપમાંથી ચિનુભાઈ ગોહીલ, શંભુપ્રસાદ ટૂંડીયા અને લાલસિંહ વડોદીયાએ ઉમેદવારી પત્રો ભર્યા હતાં આ ત્રણે ઉમેદવારો બીનહરીફ થયા છે.

જયારે કોંગ્રેસમાંથી પૂર્વ સાંસદ અને કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી મધુસુદન મિસ્ત્રીએ ઉમેદવારી પત્ર ભર્યું હતું. આમ કોંગ્રેસના મધુસુદન મિસ્ત્રી પણ બીનહરીફ જાહેર થયા છે.

સફાઈ કરી ગાંધીજીને અંજલી આપી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે એમ.બી. પટેલ કન્યા શાળા સે. ૨૩ ખાતે શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૬ થી ૮ના ૧૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. જેમાં શાળાનું કેમ્પસ, વર્ગખંડો તેમજ શાળાની આજુબાજુની ગંદકીને દૂર કરી સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સૂત્રને અમલમાં મુકયું હતું. સફાઈ અભિયાનમાં શાળા પરિવાર પણ સાથે જોતરાયો હતો.

ગાંધીનગર સિવિલના એસ.આઈ.નો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સેનેટરી ઈન્સ્પેકટર તરીકે

ફરજ બજાવતા ભરતભાઈ બારોટ વયનિવૃત્ત થતા વર્ગ-૪ ના હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા વિદાય સમારંભ યોજાયો હતો.

ભરતભાઈ બારોટે છેલ્લા ૨૭ વર્ષથી ગાંધીનગર સિવિલમાં સેવાઓ આપી હતી. ઉપરાંત સાપુતારા, નડીયાદ, દીવ જેવા અલગ અલગ સ્થળોએ સેવાઓ આપી હતી. જયારે અક્ષરધામ, કચ્છ-ભૂકંપ જેવી કુદરતી આપત્તિમાં પણ સેવાઓ આપી હતી.

આજે મહા રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સ્વપ્ન દ્રષ્ટા અને શિલ્પી પૂ. સ્વ. માણેકલાલ પટેલ (સાહેબશ્રી)ની જન્મ દિવસ નિમિત્તે મહા રકતદાન શિબિર કડી કેમ્પસ, સેકટર-૨૩ અને એલ.ડી.આર.પી. સેકટર-૧૫ ખાતે યોજવામાં આવશે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કાલુપુરૂ કો.ઓ. બેન્કના સહયોગથી આજરોજ શનિવાર સવારે ૯.૦૦ કલાકે મહા રકતદાન શિબિર યોજવામાં આવશે. શિબિરમાં મોટી સંખ્યામાં રકતદાન કરી માણેકલાલ સાહેબની ભાવનાને ઉજાગર કરીએ. શિબિરમાં જોડાવા માટે ડૉ. એન.એન. જાની - ૯૪૨૬૨ ૧૬૬૩૯ અને ડૉ. કેયુર શાહ - ૯૮૯૮૩૪૩૩૪૮ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

અવસાન નોંધ

ગાંધીનગર, તા.૩૧

હર્ષદકુમાર અમૃતલાલ આચાર્યના માતૃશ્રી શાંતાબેન આચાર્ય (કહોડાવાળા)નું અવસાન તા. ૩૧ જાન્યુઆરીના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૧ ફેબ્રુઆરી શનિવાર સવારે ૯ થી ૧૨ દરમિયાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૩૪૮/૧, સેકટર-૫-એ ખાતે રાખેલ છે.

સે. ૭ પટેલવાડી ખાતે લગ્ન સમારંભમાં

બે લાખ ભરેલી બેગ સેરવી જનાર ટાબરીયો કેમેરામાં કેદ

માત્ર ૭ થી ૮ વર્ષના ટાબરીયો બેગ લઈ ગયો હતો : પોલીસે ફોટો-ફુટેજ મેળવી ટાબરીયાની શોધખોળ શરૂ કરી

ગાંધીનગર, તા. ૩૧

બે દિવસ અગાઉ સેકટર-૭ પટેલ સમાજની લગ્ન વાડીમાં લગ્ન સમારંભ દરમ્યાન સે. ૭માં રહેતા તબીબ પત્નીની નજર ચુકવીને રૂ. ૧.૯૦ લાખ રોકડા તથા ૪ મોબાઈલ ભરેલી બેગ કોઈ સેરવી ગયું હતું. આશરે ૭-૮ વર્ષનું ટાબરીયું બેગ લઈ જતા સીસીટીવી તથા પ્રાઈવેટ ફોટોગ્રાફરના કેમેરામાં કેદ થઈ ગયું છે. સે. ૭ પોલીસે ફોટો મેળવીને તેને આધારે ટાબરીયા સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

નાના બાળકોને ખાસ ટ્રેનીંગ આપીને તેમને લગ્ન સમારંભમાં નવા-નવા કપડા પહેરાવીને મોકલી દઈ દાગીના કે રોકડા ભરેલી અથવા ચાંલ્લામાં આવેલા રૂપિયાની બેગને ચોરી કરવા છુટો મોકલી દેવામાં આવે છે. આ પ્રકારની ગેંગ પણ અગાઉ પોલીસના હાથે ઝડપાઈ ગયેલી છે. આ ટાબરીયા ગેંગે ગાંધીનગરમાં અગાઉ તરખાટ મચાવ્યો હતો ત્યાર બાદ હવે પુનઃ સક્રિય થઈ છે.

બે દિવસ પહેલા જ પટેલવાડી સે. ૭ના લગ્ન પ્રસંગમાંથી રૂ. ૧.૯૦ લાખ રોકડા તથા ૪ મોબાઈલ મળીને રૂ. ૨.૧૦ લાખની મત્તા ભરેલી બેગ સેરવી કોઈ સરકી ગયું હતું. આ શખ્સ વાડીના સીસીટીવી કેમેરા તથા પ્રાઈવેટ ફોટોગ્રાફરના કેમેરામાં કેદ થઈ ગયો છે. માત્ર ૭ થી ૮ વર્ષનું ટાબરીયું કલા કરી ગયું હતું. પોલીસે તે ફોટાને તેને પકડવા ચકો ગતિમાન કર્યા છે.

અન્ના હજારેની મુવમેન્ટમાં જોડાયેલા તથા મુંબઈના રહેવાસી જાણીતા ઉદ્યોગપતિ દેવેન્દ્રભાઈ શર્મા આમ આદમી પાર્ટીના વિચારોને લોકો સુધી પહોંચાડવા તથા પ્રચાર માટે મુંબઈથી પગપાળા દિલ્હી જવા નીકળ્યા છે. આજે દેવેન્દ્રભાઈનું ગાંધીનગર ખાતે આગમન થતાં પ્રવેશ દ્વાર ચ-૦ ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

મફત ચામડીના રોગોનો કેમ્પ

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો માણસા ખાતે ૫૩માં ચામડીના રોગોનો મફત નિદાન કેમ્પ તા. ૨ ફેબ્રુઆરી રવિવાર, બપોરે ૨.૦૦ કલાકે યોજાશે. કેમ્પનો લાભ લેનાર લાભાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન બપોરે ૨ થી ૪ કલાક દરમ્યાન કરાવી લેવા જણાવ્યું છે. કેમ્પમાં સ્કીન નિષ્ણાત ડૉ. ગૌરવ પટેલ ઉપસ્થિત રહી સેવા આપશે.

જાગૃત પરિષદની બેઠક

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક તા. ૩ ફેબ્રુઆરી, સોમવાર, બપોરે ૪-૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. બેઠકમાં સમિતિના સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહેવા જણાવાયું છે.

પુષ્પાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩૧

શ્રી અબ્બાસ તૈયબજીના ૧૬૧માં જન્મ દિવસ નિમિત્તે વિધાનસભા ભવનમાં પ્રથમ માળે પોડિયમમાં આવેલા તૈલચિત્રને આજ રોજ શનિવારે સવારે ૧૧-૦૦ કલાકે માનનીય વિધાનસભાના અધ્યક્ષ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૪-૧૫નું શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર જાહેર પ્રથમ સત્ર ૯ જુનથી

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૪-૧૫ જાહેર કરાયું છે. શૈક્ષણિક સમિતિની તાજેતરમાં મળેલી બેઠકમાં નવા વર્ષની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

શિક્ષણ બોર્ડના અધ્યક્ષ આર.આર. વરસાણીના અધ્યક્ષસ્થાને તાજેતરમાં શૈક્ષણિક સમિતિની બેઠક મળી હતી. જેમાં સમિતિના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આગામી વર્ષની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરની રચના કરવામાં આવી હતી અને તે અંગે આ બેઠકમાં ચર્ચા થઈ હતી. નવરાત્રીમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે માટે પ્રથમ કસોટી આગામી વર્ષે નવરાત્રી પહેલા જ લેવાનો નિર્ણય લેવાયો છે. પ્રથમ પરીક્ષા પછી નિદાન અને માર્ગદર્શન માટે તથા સાયન્સની પરીક્ષા લેવાની હોઈ શાળાઓને કોઈ તકલીફ ન પડે તે માટે નવરાત્રી પહેલા જ પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૪-૧૫માં પ્રથમ સત્ર ૯ જુનથી શરૂ થશે જે ૧૯ ઓકટોબર સુધીનું રહેશે. પ્રથમ સત્રના શૈક્ષણિક દિવસો ૧૦૭ રહેશે જયારે દિવાળી વેકેશન ૨૦-૧૦-૧૪થી ૯-૧૧-૨૦૧૪ સુધીનું એટલે કે ૨૧ દિવસનું રહેશે. ત્યારબાદ દ્વિતિય સત્ર તા. ૧૦-૧૧-૨૦૧૪થી ૩-૫-૨૦૧૫ સુધીનું રહેશે જે ૧૩૯ દિવસોનું રહેશે જયારે ઉનાળુ વેકેશન ૧૪-૫-૨૦૧૫થી ૭-૬-૨૦૧૫ સુધી એટલે કે ૩૫ દિવસનું રહેશે.

વર્ષ ૨૦૧૪-૧૫માં જાહેર રજા ૧૮, દિવાળીની રજા ૨૧, ઉનાળાની રજા ૩૫, સ્થાનિક રજા ૬ મળી કુલ ૮૦ દિવસની રજા રહેશે. ધો-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા ૧૦-૭-૨૦૧૪થી લેવાશે. ધો-૯, ૧૦, ધો-૧૧, ૧૨, સામાન્ય પ્રવાહની પરીક્ષાઓનો પ્રારંભ ૧૮-૯-૨૦૧૪થી થશે. જયારે ધો-૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પ્રાયોગિક પરીક્ષા તા. ૨૬-૯ થી તથા વિજ્ઞાન પ્રવાહના પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા ૧૩-૧૦થી યોજાશે. ધો-૧૦, ધો-૧૧-૧૨ સામાન્ય પ્રવાહની પ્રિલિમ પરીક્ષાનો પ્રારંભ ૨૯-૧-૨૦૧૫થી થશે. ધો-૯ માટે પ્રખરતા શોધ કસોટી ૯-રથી લેવાશે. ધો-૧૦ મરજીયાત વિષય તથા ધો-૧૨ સામાન્ય પ્રવાહની શાળા કક્ષાની કસોટી ૧૮-૨-૨૦૧૫ના રોજથી લેવાશે. ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષા ૩૦-૩-૨૦૧૫થી ધો-૧૨ વિ.પ્ર. સેમેસ્ટર-૪ની પરીક્ષા ૧૨-૩-૨૦૧૫થી યોજાશે. ધો-૯ અને ધો-૧૧ સામાન્ય પ્રવાહની શાળાકીય પરીક્ષા તા. ૮-૪-૨૦૧૫થી લેવાશે.

બીબીએ-સેમ-૩નું ૬૪.૬૮ ટકા પરિણામ જાહેર થયુ છે

અમદાવાદ, તા. ૩૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવેમ્બરમાં લેવાયેલ બીબીએ સેમેસ્ટર-૩ અને ૫નું પરીણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં સેમિસ્ટર-૩નું ૬૪.૬૮ ટકા પરીણામ જાહેર થયું છે જયારે સેમેસ્ટર-૫નું ૮૧.૭૧ ટકા પરીણામ જાહેર કરાયું છે જયારે સેમેસ્ટર-૧નું પરીણામ ગુરૂવારે જાહેર કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આજે બીબીએ સેમેસ્ટર-૩ અને ૫નું પરીણામ વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સેમેસ્ટર-૩માં ૩૨ વિદ્યાર્થીઓ ડિસ્ટ્રીક્શન, ૧૭૨ વિદ્યાર્થીઓ ફર્સ્ટકલાસ, ૬૦૮ વિદ્યાર્થીઓ સેકન્ડ કલાસ, ૨૪૩ વિદ્યાર્થીઓ પાસ કલાસ મેળવવામાં સફળ રહ્યા છે જયારે ૫૭૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે અને ૧૩ વિદ્યાર્થીઓને એટીકેટી આપવામાં આવી છે. સેમેસ્ટર-૩નું સરેરાશ ૬૪.૬૮ ટકા પરીણામ આવ્યું છે. બીજી બાજુ બીબીએ સેમેસ્ટર-૫નું ૮૧.૭૧ ટકા પરીણામ જાહેર કરાયું છે. સેમેસ્ટર-૫માં ૧૧૩ વિદ્યાર્થીઓ ડિસ્ટ્રીક્શન, ૩૫૪ વિદ્યાર્થીઓ ફર્સ્ટકલાસ, ૬૨૬ વિદ્યાર્થીઓ સેકન્ડ કલાસ, ૧૩૧ વિદ્યાર્થીઓ પાસ કલાસ મેળવવામાં સફળ રહ્યા છે જયારે ૨૭૪ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે તો ૮ વિદ્યાર્થીઓએ એટીકેટી મેળવી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીબીએની પરીક્ષા નવેમ્બર-૨૦૧૩માં લેવામાં આવી હતી, જેમાંથી બીબીએ સેમેસ્ટર-૧નું પરીણામ ૬૬.૬૨ ટકા ગુરૂવારે જાહેર કરવામાં આવ્યું હતું.

પત્ની પર ત્રાસ ગુજારવાના કેસમાં પતિ અને સાસુને ૮ મહીનાની કેદ

૫ હજારનો દંડ ચુકવવા પણ કોર્ટે આદેશ કર્યો

ગાંધીનગર, તા. ૩૧

પરિણીતાને શારીરિક-માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરનારા તેણીના પતિ અને સાસુને ગાંધીનગર કોર્ટો ૮ મહીનાની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગર જિલ્લામાં મોટેરા ખાતે સ્વરાજ બંગ્લોઝમાં રહેતા રૂપાબેન પંજવાણીના લગ્ન વર્ષ ૨૦૦૭ દરમિયાન મુંબઈના વતની સંજય હરેશ પંજવાણી સાથે થયા હતા. લગ્ન બાદ પરિણીતા સાસરિયાઓ સાથે દુબઈમાં રહેતી હતી.

આ દરમિયાન તેણીને પતિ સંજય તેમજ સાસુ ઈન્દિરાબેન દ્વારા અવાર-નવાર ત્રાસ આપવામાં આવતો હતો. સાસરિયાઓ દ્વારા દહેજની માંગણી કરી શારીરિક માનસિક ત્રાસ અપાતા આ મામલે પરિણીતાએ ચાંદખેડા પોલીસમથકે સાસરિયાઓ વિરૂદ્ધ ફરિયાદ કરી હતી.

આ કેસ ગાંધીનગરની ચીફ જ્યુ. મે.જી. કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે ડી.જે. બારોટે દલીલો કરી હતી. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ શ્રી જે.બી. પરીખે પરિણીતાના પતિ તેમજ સાસુ બન્નેને આઠ માસની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીઓને રૂ. ૫ હજારનો દંડ ભોગવવા પણ હૂકમ કર્યો છે.

ઈજનેરી કોલેજોને ૪૫૦ એડ હોક અધ્યાપકોને લેવા હુકમ

કોલેજોમાં ખાલી જગ્યાઓના કારણે શિક્ષણકાર્ય બગડ્યું

અમદાવાદ, તા. ૩૧

ગુજરાત હાઈકોર્ટ આજે પોતાની એક મહત્વપૂર્ણ ચૂકાદામાં રાજયની ઈજનેરી કોલેજોમાંથી છુટા કરાયેલ ૪૫૦ એડહોક પ્રોફેસરોને ફરજ પર પરત લેવા માટે આદેશ કરાયો છે. આ ઉપરાંત જ્યાં સુધી કાયમી અધ્યાપકોની નિમણુંક ન કરાય ત્યાં સુધી તેમને ચાલુ રાખવા આદેશ કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયની જુદી જુદી ડિગ્રી એન્જિનીયરીંગ કોલેજોમાં ખાલી પડેલી લેક્ચરરની જગ્યાઓના કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય બગડતું હોવાથી ચાર વર્ષ પહેલા ૪૫૦ એડહોક અધ્યાપકોની ભરતી કરવામાં આવી હતી, પરંતુ ટેકનિકલ શિક્ષણ વિભાગે ભરતી નિયમોમાં ફેરફાર કરી લીધો હતો જેમાં લેક્ચરની જગ્યા માટે પણ એમઈ ફરજીયાત કરી દેવામાં આવ્યું હતું પરંતુ એડહોક તરીકે નિમણુંક પામેલા ઉમેદવારો માત્ર બીઈ થયેલા હોવાથી તમામને છુટા કરી દેવામાં આવ્યા હતા. જેના વિરોધમાં એડહોક અધ્યાપકોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેના ચૂકાદામાં હાઈકોર્ટે આજે તમામ ૪૫૦ એડહોક અધ્યાપકોને ફરજ ઉપર પરત લેવા માટે આદેશ કર્યો છે. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું છે કે કોલેજોમાં અધ્યાપકોની ઘટ હોવાથી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય ન બગડે તે માટે એડહોક અધ્યાપકોને ફરજ ઉપર પરત લેવામાં આવે. આ ઉપરાંત જ્યાં સુધી કાયમી અધ્યાપકોની ભરતી ન કરાય ત્યાં સુધી તમામ એડહોક અધ્યાપકોને ફરજ ઉપર રાખવા આદેશ કર્યો છે.

અમદાવાદમાં અપમૃત્યુના ત્રણ બનાવો પોલીસ મથકમાં નોંધાયા

અમદાવાદ, તા. ૩૧

શહેરના ઓઢવ, અમરાઈવાડી અને સોલા હાઈકોર્ટમાં અપમૃત્યુના ત્રણ બનાવો પોલીસ મથકમાં નોંધાયા છે. ઓઢવના ભરવાડવાસની બાજુમાં આવેલ મણીયાર દુધવાળાની ગલીમાં રહેતા ૨૮ વર્ષીય રાહુલ ભુલ્લરભાઈ યાદવ ગત રાત્રીના ૧૨ વાગ્યાના સુમારે વેપારી મહામંડળ શેડ નંબર ૩૨ શ્રીપાલ રોલીંગ મીલમાં રોલીંગ મશીન ઉપર કામ કરતા હતા તે દરમ્યાન પતરાનો ટુકડો રાહુલભાઈની છાતીની જમણી બાજુ વાગતાં સારવાર અર્થે તેમને હોસ્પિટલ સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. અમરાઈવાડીના વાલદાસનો વાસમાં રહેતા ૩૨ વર્ષીય અર્ચનાબેન ગુમા તા. ૨૫ જાન્યુઆરીના રોજ ઘરે રસોઈ બનાવતા હતા તે દરમ્યાન ચક્કર આવતા પડી જતાં સારવાર અર્થે તેમને હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં ગત સાંજે તેમનું મોત નિપજ્યું હતું. ગત સવારે ૧૧:૪૦ વાગ્યાના મુમારે આંબલી ફાટકથી ચાણક્યપુરી વચ્ચે ૧૦ નંબરના ગેટ નજીકથી એક અજાણ્યા પુરૂષની લાશ ટ્રેઈન નીચે કપાઈ ગયેલી હાલતમાં સોલા હાઈકોર્ટ પોલીસને મળી હતી.

તાલીમી આઈ.પી.એસ. અધિકારીઓ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૩૧

રાજયના તાલીમી આઈ.પી.એસ. અધિકારીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજયપાલશ્રીએ તાલીમી અધિકારીઓને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ આપી હતી અને પ્રજાની સેવા સમર્પિત ભાવથી કરવા જણાવ્યું હતું.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૦
સૂર્યાસ્ત : ૬.૧૬

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૪૫, ૬.૪૫
વન બાય ટુ : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

ચિરાગ સિનેમા(કલોલ)

જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

શૈક્ષણિક

- સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ના સ્વ. માણેકલાલ એમ. પટેલની જન્મજયંતિ નિમિત્તે રકતદાન શિબિર સવારે ૯.૦૦ કલાકે કડી કેમ્પસ સેકટર-૧૫ અને સેકટર-૨૩ ખાતે યોજાશે.

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દેઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર-વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે.

કન્યા : વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. શાંતાબેન અમૃતલાલ આચાર્ય (ઉ.વ. ૭૬) પ્લોટ નં. ૧૩૪૮/૧, સેકટર-૫, ગાંધીનગર.
- સ્વ. રાજેશ લેખરાજ રાઠોડ (ઉ.વ. ૪૫) બ્લોક નં. ૧૨૮/૧, છ-ટાઈપ, સેકટર-૧૬, ગાંધીનગર.
- સ્વ. શિવદક્ષ પરમદત્ત શર્મા (ઉ.વ. ૭૬) બી/૩૦૩, અક્ષરહોમ, ભૂમિ પાર્કની પાછળ, વાવોલ, ગાંધીનગર.
- સ્વ. વિનોદચંદ્ર ભૂપતરાય દવે (ઉ.વ. ૭૬) બી/૦૨, ગ્રીનસીટી સોસાયટી, વાવોલ, ગાંધીનગર.